પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે PM મોદીનો ઇંધણના વિવેકપૂર્ણ ઉપયોગનો આગ્રહ

ઇંધણ બચાવવા કોરોના વખતની શૈલી અપનાવો : મોદી

કોરોના સમયે જે રીતે વર્ક ફ્રોમ હોમ, કાર પુલિંગ જેવી સિસ્ટમ અપનાવી હતી તે અપનાવવાનો આ સમય છે

આપણી પાસે તેલના કુવા નથી તેથી આયાતી ઉર્જા સંસાધનોનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવો જોઇએ : મોદી

હૈદરાબાદ, 10 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયાના સંકટને ધ્યાનમાં રાખીને સમયની માંગ છે કે પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવામાં આવે. તેલંગાણામાં આશરે ૯,૪૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલ રીતે શિલાન્યાસ અને ઉદ્ઘાટન કાર્યક્રમમાં બોલતા મોદીએ લોકોને આ અપીલ કરી હતી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને પેટ્રોલ અને ડીઝલ બચાવવા અપીલ કરતાં કહ્યું કે આપણે કોવિડ સમયગાળા દરમિયાન ઘણી સિસ્ટમ અપનાવી હતી તેને ફરી અપનાવવાનો આ સમય છે. પીએમ મોદીએ કહ્યું કે કોરોના સમયગાળા દરમિયાન, આપણે ઘરેથી કામ કર્યું, ઓનલાઈન મીટિંગો કરી, વિડીયો

...અનુસંધાન પાના 2 પર

પીએમ મોદીના બેંગલુરુ કાર્યક્રમના રૂટ નજીકથી બે જિલેટીન સ્ટિક મળી આવી

બેંગલુરુ. રવિવારે બેંગલુરુની બહારના વિસ્તારમાં પીએમ નરેન્દ્ર મોદીના કાર્યક્રમના સ્થળ પાસે રોડની બાજુમાંથી બે જિલેટીન સ્ટિક મળી આવી હતી, જેનાથી સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે અને તેના સ્ત્રોત તથા તેની પાછળ કોઈ મોટું કાવતરું હતું કે કેમ તે અંગે પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પીએમના આવવા-જવાના નિર્ધારિત રૂટ પર કાગગલીપુરા પોલીસ સ્ટેશનની હદમાં તાટાગુની પાસે સુરક્ષા તપાસ દરમિયાન આ જિલેટીન સ્ટિક મળી આવી હતી. જ્યારે પીએમ આ વિસ્તારમાં પહોંચે તેના થોડા સમય પહેલાં, રસ્તાની સંપૂર્ણ રીતે સુરક્ષા તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે આ જિલેટીન સ્ટિક મળી આવી હતી. મોદી કનકપુરા રોડ પર કાગગલીપુરા નજીક આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશન સેન્ટર ખાતે 45મા સ્થાપના દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે બેંગલુરુમાં હતા. પોલીસના નિવેદનમાં જણાવાયું છે કે, "રવિવારે સવારે પીએમના આગમન પહેલાં ચેકિંગ દરમિયાન મુખ્ય સ્થળથી લગભગ ત્રણ કિલોમીટર દૂર ફૂટપાથની બાજુમાં બે જિલેટીન સ્ટિક મળી આવી હતી. વધુ તપાસ ચાલુ છે." પીએમની મુલાકાત માટે સાત-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આ રિકવરી થઈ હતી, જેમાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ લગભગ એક અઠવાડિયા અગાઉથી રૂટનું નિરીક્ષણ કરી રહી હતી. મોદી સવારે 10.25 વાગ્યે

...અનુસંધાન પાના 2 પર

જનમેદનીના હર્ષનાદ વચ્ચે વિજય તમિલનાડુના મુખ્યમંત્રીપદે આરૂઢ

સાથે અન્ય નવ મંત્રીઓની પણ શપથવિધિ થઇ, શપથવિધિ સમારંભમાં રાહુલ ગાંધી હાજર

તમિલનાડુમાં 6 દાયકા પછી ડીએમકે, અન્નાદ્રમુક સિવાયની સરકાર રચાઇ

ચેન્નાઈ, તા. 10 (PTI): ઉમટી પડેલી પ્રચંડ જનમેદનીના હર્ષનાદ અને વધામણાં વચ્ચે, સી. જોસેફ વિજયે રવિવારે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેમણે પ્રતિજ્ઞા લેતા જણાવ્યું હતું કે, સાચા બિનસાંપ્રદાયિક સામાજિક ન્યાયના એક નવા યુગની શરૂઆત હવે થાય છે. તામિલનાડુના રાજકારણમાં વિજયનું આ સર્વોચ્ચ પદ પર આગમન એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક પરિવર્તન સૂચવે છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં તેમની પાર્ટી TVK (તમિલગ વેટ્રી કઝગમ) સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે, જેણે રાજ્યમાં દાયકાઓથી ચાલી રહેલા DMK અને AIADMKના પ્રભુત્વને જડમૂળથી હલાવી દીધું છે. જવાહરલાલ

...અનુસંધાન પાના 2 પર

તમિલનાડુમાં સત્તાનું કેન્દ્ર હું જ રહીશ: વિજય

આ બાજુ એક પાવર સેન્ટર, બીજી બાજુ બીજું એવું નહીં હોય

ડીએમકે સરકારે તિજોરી ખાલી કરી નાખી હોવાનો દાવો, નાણાકીય સ્થિતિ અંગે શ્વેતપત્ર બહાર પાડશે

ચેન્નાઈ, તા. 10: તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે રવિવારે જણાવ્યું હતું કે તેઓ તેમની આગેવાની હેઠળની સરકારમાં એકમાત્ર પાવર સેન્ટર(સત્તાનું કેન્દ્ર) રહેશે, અને તેમણે પોતાની ઓળખ સામાન્ય પૃષ્ઠભૂમિ ધરાવતા સામાન્ય માણસ તરીકે આપી હતી. વિજયે કહ્યું કે તેઓ ગરીબી અને ભૂખમરાથી સારી રીતે વાકેફ છે કારણ કે તેમનો જન્મ એક સામાન્ય આસિસ્ટન્ટ ફિલ્મ ડાયરેક્ટરના પુત્ર તરીકે થયો હતો, જેમણે સખત મહેનત કરીને સિનેમામાં સફળતા મેળવવાની ઈચ્છા રાખી હતી. પોતાના પ્રથમ ભાષણમાં મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે તેમના શાસનમાં માત્ર એક જ પાવર સેન્ટર હશે અને તે માત્ર તેઓ પોતે હશે. વધુમાં, તેમણે

...અનુસંધાન પાના 2 પર

એક વર્ષ સુધી સોનું ખરીદવાથી દૂર રહેવાની પણ મોદીની અપીલ

પીએમ મોદીએ કહ્યું કે ભૂતકાળમાં, યુદ્ધો દરમિયાન, લોકો સોનું દાન કરતા હતા. આજે, દાનની કોઈ જરૂર નથી, પરંતુ આપણે કોઈ પણ કાર્યક્રમ હોય, આગામી વર્ષ માટે સોનું ન ખરીદવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. આનાથી વિદેશી હૂંડિયામણ પણ બચશે. તેમણે કહ્યું હતું કે સોનાની આયાતમાં નોંધપાત્ર પ્રમાણમાં વિદેશી ચલણનો વપરાશ થાય છે. રાષ્ટ્રના હિતમાં, લોકોએ એક વર્ષ સુધી સોનું ખરીદવાથી કે દાન કરવાથી દૂર રહેવું જોઈએ.

રાસાયણિક ખાતરોને બદલે કુદરતી ખેતી અપનાવવા પણ કહ્યું

દેશે રાસાયણિક ખાતરોનો વપરાશ અડધો કરવાનો અને ઝડપથી કુદરતી ખેતી તરફ આગળ વધવાનો લક્ષ્ય રાખવો જોઈએ. પેટ્રોલ, ડીઝલ અને ખાતરના વૈશ્વિક ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, પરંતુ અમારી સરકાર છેલ્લા બે મહિનાથી તેનો બોજ સહન કરી રહી છે.

મોદીની લોકોને એક વર્ષ માટે વિદેશ યાત્રા મુલતવી રાખવા અપીલ

મોદીએ લોકોને ઓછામાં ઓછા એક વર્ષ માટે વિદેશ યાત્રાઓ મુલતવી રાખવા અપીલ કરી. તેમણે કહ્યું કે આજકાલ, મધ્યમ વર્ગમાં ડેસ્ટિનેશન વેડિંગ, વિદેશ યાત્રા અને વેકેશન વધુને વધુ સામાન્ય બની રહ્યા છે. આવા સમયે, જ્યારે દેશ સંકટનો સામનો કરી રહ્યો છે અને આપણી દેશભક્તિ આપણને પોકાર કરી રહી છે, ત્યારે આપણે ઓછામાં ઓછા એક વર્ષ માટે વિદેશ યાત્રા મુલતવી રાખવાનો નિર્ણય લેવો જોઈએ. ભારતમાં એવી ઘણી સુંદર જગ્યાઓ છે જ્યાં કોઈપણ મુલાકાત લઈ શકે છે.

આસામમાં હિમંતા સરમાને સરકાર રચવા આમંત્રણ: 12મી શપથવિધિ

સરમા આસામમાં સતત બીજી વખત મુખ્યમંત્રી બનનાર પ્રથમ બિનકોંગ્રેસી નેતા, ભાજપ સરકારની ત્રીજી ટર્મ

શપથવિધિમાં વડાપ્રધાન મોદી હાજર રહે તેવી શક્યતા

ગુવાહાટી, તા. 10(PTI): રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ રવિવારે ભાજપના નેતા હિમંતા બિસ્વા સરમાને આસામના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે, જેનાથી રાજ્યમાં NDAની સતત ત્રીજી સરકાર બનાવવાનો માર્ગ મોકળો થયો છે.

ભાજપની આગેવાની હેઠળના NDA વિધાયક પક્ષના નેતા તરીકે સર્વાનુમતે ચૂંટાયા બાદ, સરમાએ ગઠબંધનના નેતાઓ સાથે લોક ભવનમાં રાજ્યપાલની મુલાકાત લીધી હતી અને ઔપચારિક રીતે સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. મુખ્ય સચિવ રવિ કોટા દ્વારા હસ્તાક્ષર કરાયેલ એક જાહેરનામામાં જણાવાયું છે કે, ભારતના બંધારણની કલમ 164 ના ક્લોઝ (1) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, આસામના રાજ્યપાલ ડો. હિમંતા બિસ્વા સરમાને આસામના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરે છે. જાહેરનામામાં વધુમાં ઉમેર્યું છે કે સરમા 12 મેના રોજ સવારે 11.40 કલાકે ખાનપારાના વેટરનરી કોલેજ ફિલ્ડ ખાતે શપથ લેશે.

ભાજપ, અસમ ગણ પરિષદ (AGP) અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (BPF)ના બનેલા NDA ગઠબંધને વિધાનસભાની ચૂંટણીમાં 126 સભ્યોની ગૃહમાં રેકોર્ડ 102 બેઠકો જીતીને જ્વલંત બહુમતી મેળવી છે. જેમાં ભાજપે 82 બેઠકો મેળવી છે, જ્યારે AGP અને BPF એ 10-10 બેઠકો જીતી છે.

સરમા, જેઓ 2021 માં પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા હતા, તેઓ આસામમાં સતત બે ટર્મ સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપનારા પ્રથમ બિન-કોંગ્રેસી નેતા છે.

2016 માં તત્કાલીન સીએમ સર્વાનંદ સોનોવાલના નેતૃત્વમાં ભાજપ શાસિત ગઠબંધન પ્રથમ વખત સત્તામાં આવ્યું ત્યારથી રાજ્યમાં NDAની આ સતત ત્રીજી ટર્મ હશે. અગાઉ, લોક ભવનના એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે રાજ્યપાલે સરમાને નવી સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું છે, અને તેઓ મુખ્યમંત્રી-નિયુક્ત અને નવા મંત્રીમંડળના સભ્યોને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવશે. શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ભાજપના પ્રમુખ નીતિન નવીન સહિતના મહાનુભાવો હાજરી આપે તેવી શક્યતા છે.

સરકારી ઓઇલ કંપનીઓને દસ સપ્તાહમાં રૂ. એક લાખ કરોડનું નુકસાન

ઇરાન યુદ્ધને કારણે ક્રૂડના ભાવ વધવા છતાં ઘરઆંગણે ઇંધણના ભાવ યથાવત રખાતા દરરોજનું રૂ. 1600-1700 કરોડનું નુકસાન થાય છે

નવી દિલ્હી, તા. 10 (PTI): દરરોજ આશરે રૂ. ૧,૬૦૦-૧,૭૦૦ કરોડ, ૧૦ અઠવાડિયામાં રૂ. ૧ લાખ કરોડથી વધુ. આ એ કિંમત છે જે સરકારી તેલ કંપનીઓ ભારતીય ગ્રાહકોને વૈશ્વિક ઉર્જા સંકટથી બચાવવા માટે ભોગવી રહી છે, પરંતુ સતત વધી રહેલી ખોટ હવે એવા સવાલો ઉભા કરી રહી છે કે આ કંપનીઓ આર્થિક રીતે પડી ભાંગ્યા વગર ક્યાં સુધી આ બોજ સહન કરવાનું ચાલુ રાખી શકશે. ૧૦ અઠવાડિયા પહેલા મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી, સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ (LPG)નો અવિરત પુરવઠો પડતર કિંમત કરતા ઘણી ઓછી કિંમતે સુનિશ્ચિત કર્યો છે, જે વિશ્વની અન્ય ઘણી ઉર્જા પ્રણાલીઓ કરતા વિપરીત છે જેમણે કાં તો રેશનિંગ લાદ્યું છે અથવા કિંમતોમાં ભારે વધારો ઝીંક્યો છે. આ બાબતની સીધી જાણકારી ધરાવતા બે સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, આના પરિણામે ત્રણ સરકારી OMCs - ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) - અત્યાર સુધીની સૌથી વધુ 'અંડર-રિકવરી' (પડતર કિંમત અને છૂટક વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) નો સામનો કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ પરની સંયુક્ત અંડર-રિકવરી દરરોજ રૂ. ૧,૬૦૦

...અનુસંધાન પાના 2 પર

પંજાબના મંત્રી સંજીવ અરોરા 7 દિવસના ઈડી રિમાન્ડ પર

ગુરુગ્રામ, તા. 10 (PTI): ગુરુગ્રામની એક વિશેષ પીએમએલએ કોર્ટે રવિવારે પંજાબના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરાને અંદાજે 100 કરોડના જીએસટી ફ્રોડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં એક સપ્તાહ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ની કસ્ટડીમાં મોકલી આપ્યા છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે તેમની સામેના આરોપો 'ખૂબ જ ગંભીર' છે અને નાણાકીય વ્યવહારોની કડીઓ ઉકેલવા માટે એજન્સીએ તેમની પૂછપરછ કરવાની જરૂર છે. પંજાબમાં આમ આદમી પાર્ટી (આપ)ના વરિષ્ઠ નેતા એવા અરોરાના વકીલે આક્ષેપ કર્યો હતો કે મંત્રી વિરુદ્ધ ખોટો અને ક્ષુલ્લક કેસ ઊભો કરવામાં આવ્યો છે અને તેમની ધરપકડ પહેલા તપાસ અધિકારી દ્વારા કોઈ પ્રથમ દૃષ્ટિએ પુરાવા એકત્રિત કરવામાં આવ્યા નહોતા. 62 વર્ષીય અરોરાની શનિવારે સાંજે ચંદીગઢમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને એજન્સી દ્વારા પાડવામાં આવેલા દરોડા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા અટકાયત કરવામાં આવી હતી. કેન્દ્રીય એજન્સીએ ગુરુગ્રામ સ્થિત 'હેમ્પટન સ્કાય રિયલ્ટી લિમિટેડ' (એચએસઆરએલ) નામની કંપનીના પરિસરમાં પણ તપાસ હાથ ધરી હતી, જેમાં અરોરા ડિરેક્ટર અને શેરહોલ્ડર

...અનુસંધાન પાના 2 પર

પાકિસ્તાની સેના પ્રમુખે ભારત સાથેના ગયા વર્ષના સંઘર્ષને 'બે વિચારધારાઓની લડાઈ' ગણાવી

સંઘર્ષ દરમિયાન ભારત કરતાં પાકિસ્તાનની વ્યુહરચના ચડિયાતી હતી : અસીમ મુનિર

ભારત સાથેના સંઘર્ષને ઇસ્લામાબાદે આપેલા નામ 'મારકા-એ-હક'ની પ્રથમ વરસીએ મુનીરે મોટી ડિંગો હાંકી

ભારતે અમેરિકા મારફત યુદ્ધવિરામની માગ કરી અને પાકિસ્તાન શાંતિના હિતમાં સમંત થયું : મુનિર

ઈસ્લામાબાદ, તા. 10 (PTI) : પાકિસ્તાનના ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે રવિવારે ભારત સાથેના ગયા વર્ષના સંઘર્ષને બે વિચારધારાઓ વચ્ચેની લડાઈ ગણાવી હતી. ભારત સાથેના ચાર દિવસીય સંઘર્ષને ઈસ્લામાબાદ દ્વારા આપવામાં આવેલા નામ 'મારકા-એ-હક'ની પ્રથમ વરસી નિમિત્તે રાવલપિંડીમાં જનરલ હેડક્વાર્ટર ખાતે આયોજિત એક સમારોહને સંબોધિત કરતા મુનીરે એવો દાવો પણ કર્યો હતો કે આ સંઘર્ષ દરમિયાન પાકિસ્તાનની વ્યૂહરચના ભારત કરતા ચડિયાતી હતી. પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાંભારતે ગયા વર્ષે ૭ મેના રોજ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી માળખાગત સુવિધાઓ પર હવાઈ હુમલા કરી ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. જેમાં પાકિસ્તાને વળતા પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો હતો, જોકે તેમાંથી મોટાભાગના ભારતીય સૈન્ય દ્વારા નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. બંને પક્ષોના સૈન્ય અધિકારીઓ વચ્ચે હોટલાઈન પર થયેલી વાતચીત બાદ ૧૦ મે, ૨૦૨૫ ના રોજ સૈન્ય કાર્યવાહી રોકવા માટેની સમજૂતી સાથે દુશ્મનાવટનો અંત આવ્યો હતો.

રવિવારના કાર્યક્રમને સંબોધતા મુનીરે આક્ષેપ કર્યો હતો કે ભારતે ગયા વર્ષે ૬-૭ મેની રાત અને ૧૦ મે વચ્ચે પાકિસ્તાનની સંપ્રભુતા અને પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કર્યું હતું, અને કહ્યું હતું કે પાકિસ્તાને સંપૂર્ણ રાષ્ટ્રીય એકતા અને સૈન્ય તાકાત સાથે જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, મારકા-એ-હક એ માત્ર બે દેશો કે સૈન્ય વચ્ચે લડાયેલું પરંપરાગત યુદ્ધ નહોતું, પરંતુ વાસ્તવમાં તે બે વિચારધારાઓ વચ્ચેનો નિર્ણાયક મારકો (યુદ્ધ) હતો. મુનીરે દાવો કર્યો હતો કે પાકિસ્તાને સંઘર્ષ દરમિયાન ૨૬ લક્ષ્યો પર હુમલો કર્યો હતો. જોકે, તેમણે પોતાના દાવાઓના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા ન હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ભારતે અમેરિકા મારફતે યુદ્ધવિરામની માંગણી કરી

...અનુસંધાન પાના 2 પર

વિજયે ચૂંટણી વચનો મુજબની ત્રણ યોજનાઓ જાહેર કરી

૨૦૦ યુનિટ મફત વીજળીના આદેશ પર હસ્તાક્ષર કરી પણ દીધા

ચેન્નાઈ, તા. 10 (PTI): તમિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયે રવિવારે તેમના ચૂંટણી વચનોના ભાગરૂપે વીજળી, મહિલા સુરક્ષા અને ડ્રગ્સ નાબૂદીને લગતી ત્રણ યોજનાઓ રજૂ કરી હતી. 23 એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી TVK ની જીત બાદ અને બહુમતી માટે જરૂરી 118 બેઠકોનો આંકડો પાર કરવા માટે બહારથી સમર્થન મેળવ્યા બાદ વિજયે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. પદ સંભાળ્યા પછી, વિજયે બે મહિનાના બિલિંગ ચક્ર દીઠ 500 યુનિટથી વધુ વીજળીનો વપરાશ કરતા ઘરેલું ગ્રાહકોને 200 યુનિટ મફત વીજળી પૂરી પાડવાના સરકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. મહિલાઓમાં આત્મવિશ્વાસ જગાડવા અને તેમની સુરક્ષા વધારવા માટે, રાજ્યભરમાં પૂરતા કર્મચારીઓ અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ 'સિંગા પેન સ્પેશિયલ એક્શન ફોર્સ' ની સ્થાપના કરવામાં આવશે. 'સિંગા પેન'નો શાબ્દિક અર્થ 'સિંહણ' થાય છે, પરંતુ સામાન્ય રીતે તે બહાદુર સ્ત્રીનું વર્ણન કરવા માટે વપરાય છે. રાજ્ય સરકારની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ પહેલ મહિલા સુરક્ષાને લગતી ફરિયાદો

...અનુસંધાન પાના 2 પર

TVKના ધારાસભ્ય કરુપૈયાએ પ્રો-ટેમ સ્પીકર તરીકે શપથ લીધા

ચેન્નાઈ. શોલવંદન વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા ટીવીકેના ધારાસભ્ય એમ.વી. કરુપૈયાએ રવિવારે પ્રો-ટેમ સ્પીકર (કામચલાઉ અધ્યક્ષ) તરીકે શપથ લીધા હતા. લોક ભવન ખાતે આયોજિત એક સાદા સમારોહમાં રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે કરુપૈયાને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી જોસેફ

...અનુસંધાન પાના 2 પર

રાજ્યપાલે શપથ ગ્રહણને 'ભાષણ'માં ફેરવવાનો પ્રયાસ કરતાં વિજયને અટકાવ્યો

ચેન્નાઈ. ટીવીકે પ્રમુખ વિજયે રવિવારે શપથ ગ્રહણ સમારોહને એક શક્તિશાળી શપથ-ભાષણમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરે દરમિયાનગીરી કરી અને તેમને સત્તાવાર શપથ પૂરતું મર્યાદિત રહેવા જણાવ્યું હતું. શપથની શરૂઆતમાં જ વિજયે સ્ક્રિપ્ટની બહાર જઇને કહ્યું કે હું, સી જોસેફ વિજય, ભારતના કાયદેસર રીતે

...અનુસંધાન પાના 2 પર

પીએમ મોદીના તમિલનાડુ સીએમ વિજયને ફોન પર અભિનંદન

નવી દિલ્હી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના નવા મુખ્યમંત્રી સી. જોસેફ વિજય સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને રવિવારે પદના શપથ લેવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ટીવીકે પ્રમુખે દિવસની શરૂઆતમાં તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડા પ્રધાન અને તમિલનાડુના નવા

...અનુસંધાન પાના 2 પર

NEET 'ગેસ પેપર'ના 180 માંથી 125 પ્રશ્નો સરખા : તપાસ શરૂ

SOGની તપાસમાં જાણવા મળ્યું છે કે આ અનુમાન પેપર પરીક્ષાના લગભગ 15 દિવસ પહેલા કેટલાક લોકો સુધી પહોંચ્યું હતું

SOG દ્વારા મોબાઇલ ફોન ડેટા, ચેટ સહિતના રેકર્ડના આધારે સીકરમાં કેટલીક હોસ્ટેલમાં વિદ્યાર્થીઓની પૂછપરછ હાથ ધરી

નવી દિલ્હી, તા. 10 : રાજસ્થાનમાં NEET-2026 પરીક્ષામાં શંકાસ્પદ ગેરરીતિઓ સામે આવી છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) આ મામલાની તપાસ કરી રહ્યું છે. અધિકારીઓ કોઈપણ પેપર લીક કે ગેરરીતિઓની સીધી પુષ્ટિ કરવાનું ટાળી રહ્યા છે, પરંતુ આ તારણોએ એજન્સીઓમાં ચિંતા વધારી છે. SOG અધિકારીઓના જણાવ્યા અનુસાર, પરીક્ષાના એક દિવસ પહેલા એક અનુમાન પેપર સામે આવ્યું હતું, જેમાં પરીક્ષાના પેપર સાથે 125 પ્રશ્નો મેળ ખાતા હતા. આ કેસના સંદર્ભમાં એક ડઝનથી વધુ લોકોની પૂછપરછ કરવામાં આવી છે. SOG હવે તપાસ કરી રહ્યું છે કે આ અનુમાન પેપર ક્યાંથી આવ્યું, કોણે જારી કર્યું અને મૂળ પેપર સાથે કેટલા પ્રશ્નો મેળ ખાતા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર,

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ સીકરમાં અનેક છાત્રાલયોમાં પણ પૂછપરછ હાથ ધરી છે. મોબાઇલ ફોન ડેટા, ચેટ અને અન્ય ડિજિટલ રેકોર્ડના આધારે ઘણા યુવાનોની પૂછપરછ કરવામાં

...અનુસંધાન પાના 2 પર

પરીક્ષાના દિવસે કેટલાક વિદ્યાર્થીઓએ સીકર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

આ સમગ્ર મામલામાં બીજી એક મહત્વપૂર્ણ હકીકત સામે આવી છે. અહેવાલો અનુસાર, પરીક્ષાના દિવસે કેટલાક વિદ્યાર્થીઓએ

...અનુસંધાન પાના 2 પર

NTA દ્વારા એડવાઇઝરી બહાર પડાઇ, જરૂરી જણાશે તો શિક્ષણ મંત્રાલય સાથે પરામર્શથી આગળનો નિર્ણય લેવાશે

3 મે, 2026 ના રોજ યોજાયેલી દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET (UG) અંગે કથિત ગેરરીતિઓ અને પેપર વેચાણના અહેવાલો વચ્ચે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ એક એડવાઇઝરી જારી ક કરીને સ્પષ્ટ કર્યું કે 3 મે, 2026 ના રોજ યોજાયેલી પરીક્ષા GPS ટ્રેકિંગ, AI-આધારિત CCTV સર્વેલન્સ, બાયોમેટ્રિક વેરિફિકેશન અને 5G જામર

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૦-૦૫-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન
મહત્તમ ૪૧.૭° સે. | લઘુત્તમ ૨૬.૨° સે. | ભેજ 30%